# આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા દ્વારા મહિલા ખેડૂતોને "ખરીફ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી" વિશે તાલીમ આપવામાં આવી

આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા કેન્દ્ર ખાતે "ખરીફ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી" વિષય ઉપર તા. ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ દેવગઢ બારીયા તાલુકાનાં અને ૨૬/૦૭/૨૦૧૯ ના રોજ લીમખેડા તાલુકાનાં મહિલા ખેડૂતોને એક દિવસીય તાલીમ આપવામાં આવી.

ડો. જી.જે.પટેલ, સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા ખેડૂતોની આવકમાં વધારો થાય અને આદિવાસી વિસ્તારના ખેડૂતોનું જીવનધોરણ સુધરે તે માટે ખેતીમાં ઓછા ખર્ચ વધુ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તે બાબતે સવિસ્તર સમજણ પૂરી પાડેલ. ડૉ. પી. એચ. ગોધાણી (તાલીમ સહાયક), ટી.આર.ટી.સી., દ્વારા મહિલા ખેડૂતોને તાલીમ દરમિયાન સંકલિત જીવાત નિયંત્રણ વિશે માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ.

ડો. કે. એન. વાઘવાની(વડા અને પ્રાધ્યાપક) પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તાલીમાર્થીઓને પશુપાલન વ્યવસાયમાં ઓછા ખર્ચ પશુઓના દૂધ ઉત્પાદન કેવી રીતે વધારી શકાય તે બાબતે પશુપાલનની ઓછી ખર્ચાળ તકનિકોની સમજણ પૂરી પાડેલ હતી. ડો.ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ રાસાયણિક ખાતારોનો વપરાશ ઓછો કરી, જૈવિક ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ કરી જમીનની ફળદ્રુપતા જાળવી શકાય અને ખેતીમાં ખર્ચ ઘટાડી નફાનું ધોરણ ઊંચું કેમ કરી શકાય તે અંગે સવિસ્તર વ્યાખ્યાન આપેલ.

ડો. એ. વાય. મકાણીએ (રીસર્ચ એસોસીએટ) સોયાબીન પાકમાં આવતા રોગો અને તેનું નિયંત્રણ અને શ્રી. ડી. બી. રામજીયાણી (રીસર્ચ એસોસીએટ), ટી.આર.ટી.સી., દ્વારા આદિવાસી વિસ્તારના મુખ્ય કઠોળ પાકોની ખેતી પદ્ધતીથી મહિલા ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

# આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આકૃયુ, દે'બારીયા દ્વારા મહિલા ખેડૂતોને "ખરીફ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી" ની તાલીમ

## સ્થળ: આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા  તારીખ : ૨૫ અને ૨૬ જુલાઇ, ૨૦૧૯











TRIBAL RESERCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY


TRIBAL RESERCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
(VANBANDHU KALYAN YOJANA , GOVERNMENT OF GUJARAT.)
ANAND AGRICULTURAL UNIVERSITY
DEVGADH BARIA (DIST : DAHOD)


જૈવિક ખાતર

